Ratnamani

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે

# ભારતીય વિશ્વવિદ્યાલય સંઘ (AIU) દ્વારા આયોજિત પશ્ચિમ ઝોનનો વિદ્યાર્થી શપથ કાર્યક્રમ યોજાયો



(ભાવિની અમદાવાદ) ભારતીય વિશ્વવિદ્યાલય સંઘ (AIU) દ્વારા 'યુવા શક્તિ, ભારત કી શક્તિ - એક યુવક, એક રાષ્ટ્ર, એક સંકલ્પ' શીર્ષક સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભાબેન જૈનના અધ્યક્ષસ્થાને ભવ્ય વિદ્યાર્થી શપથ કાર્યક્રમ યોજાયો હતો. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સહિત દેશભરના ઉત્તર, દક્ષિણ, મધ્ય, પૂર્વ ઝોનની પાંચ યુનિવર્સિટીમાં આ રાષ્ટ્રવ્યાપી શપથ કાર્યક્રમ યોજાયો હતો. મેયર સુશ્રી પ્રતિભાબેન જૈને પ્રાસંગિક ઉદ્બોધન આપતાં કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના સશક્ત નેતૃત્વ હેઠળ ભારતીય સેનાએ પહેલગામમાં થયેલ જઘન્ય અને અમાનવીય આતંકી હુમલા બાદ ઓપરેશન સિંદૂરના સુંદર દર્શન કરાવ્યા હતા. આ સમયે સમગ્ર દેશની જનતા ભારતીય સેનાની સાથે છે. સર્વે સામાજિક સંસ્થાઓ, દેશભક્ત નાગરિકો 'એક દેશ, શ્રેષ્ઠ દેશ'ની ભાવનાને સીમા પાર પહોંચાડી રહ્યા છે. દેશવાસીઓ દેશની અસ્મિતાને જાગ આપવાની સાથે દેશભક્તિના રંગમાં રંગાઈ ગયા છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, સમગ્ર ભારતના પાંચ ઝોનમાંથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને આ શપથ કાર્યક્રમ માટે પસંદ કરવામાં આવી તે ખૂબ જ આનંદ સાથે ગર્વની બાબત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઓપરેશન સિંદૂર દ્વારા આતંકવાદને જમીનદોસ્ત કરવાના વિચાર સાથે ભારત દેશને આત્મનિર્ભર બનાવી વિકસિત ભારત બનાવવાને સાર્થક કરવા અને 'વોકલ ફોર લોકલ'ના નારા સાથે 'મેક ઇન ઇન્ડિયા'ને સાર્થક કરવા વિદેશી વસ્તુઓના બહિષ્કાર અને સ્વદેશી વસ્તુઓ અપનાવવાનો વિચાર આત્મસાત કરવામાં આવ્યો છે. આપણે આપણા દેશની વસ્તુ ખરીદવાની અને બહારના દેશની વસ્તુઓનો બહિષ્કાર કરવાની માનસિકતા બનાવીશું ત્યારે આપણે આપણા દેશને વધારે મજબૂત કરી શકીશું. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર સુશ્રી અમીબેન ઉપાધ્યાયે જણાવ્યું કે, ભારત દેશ આત્મનિર્ભર છે. તે ધર્મના નામ ઉપર આતંકને સહન નહીં કરે. ઓપરેશન સિંદૂર એ ભારતના દુશ્મનોને દેશ દ્વારા આપવામાં આવેલો જવાબ છે. ભારતવાસીઓને સક્ષમ અને સામર્થ્યવાન બનાવવાનો પ્રયાસ છે. આર્થિક રીતે પ્રગતિ કરતા ભારત દેશને પોતાની યુવા શક્તિ ઉપર વિશ્વાસ છે.

રત્નામણી

તારીખ : 29/05/2025

Scanned with OKEN Scanner